દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૨૮ જુલાઈ, ૨૦૨૬

# આ વર્ષે અમરનાથનું લિંગ કેમ ઝડપથી પીગળી ગયું?

પહલગામ આતંકવાદી હુમલાના એક વર્ષથી વધુ સમય પછી, આ વર્ષની અમરનાથ યાત્રામાં શ્રદ્ધાળુઓનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. પવિત્ર ગુફામાં સ્થિત કુદરતી બરફના શિવલિંગ, જે બાબા બર્ફાની તરીકે પણ ઓળખાય છે, તેના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભક્તો પહોંચી રહ્યા છે. પરંતુ યાત્રા શરૂ થયાના થોડા જ દિવસોમાં, આશરે ૫૭ દિવસની યાત્રાની શરૂઆતમાં જ બરફનું શિવલિંગ ૯૦% થી વધુ પીગળી ગયું છે અને લગભગ અદ્રશ્ય થઈ ગયું છે, જે અત્યંત ચિંતાજનક બાબત છે. નિષ્ણાતોના મતે, આ ઘટના પાછળ હિમાલયનું ઝડપથી બદલાતું વાતાવરણ અને માનવ પ્રવૃત્તિઓ જવાબદાર છે.

અમરનાથ ગુફા ૩,૮૮૮ મીટર(૧૨,૭૫૬ ફૂટ)ની ઊંચાઈ પર આવેલી છે. વૈજ્ઞાનિકો અને ગ્લેશિયોલોજિસ્ટ્સ વારંવાર ચેતવણી આપી રહ્યા છે કે હિમાલયન પર્વતમાળા વૈશ્વિક સરેરાશ કરતાં વધુ ઝડપથી ગરમ થઈ રહી છે. ગરમીના દિવસો વધવા અને વરસાદની પદ્ધતિમાં ફેરફાર થવાને કારણે સ્થાનિક તાપમાનમાં વધારો થયો છે. ડૉ. એકલવ્ય શર્મા, જેઓ ATREEના ધ હિમાલયન ઈનિશિયેટિવના સ્ટ્રેટેજિક એડવાઈઝર અને ૨૦૨૪ના પદ્મશ્રી વિજેતા છે, તેઓ કહે છે કે આ વર્ષે અમરનાથ શિવલિંગનું અત્યંત ઝડપથી પીગળવું એ હિમાલયના કાયરોસ્ફિયરની સંવેદનશીલતા તરફ ધ્યાન દોરે છે. હિમાલય વૈશ્વિક સરેરાશ કરતાં વધુ ઝડપે ગરમ થઈ રહ્યો છે કારણ કે વધુ ઊંચાઈ પર તાપમાન ઝડપથી વધે છે, જેને 'એલિવેશન-ડિપેન્ડન્ટ વોર્મિંગ' કહેવાય છે. વર્ષ ૨૦૦૦થી ૨૦૨૨ વચ્ચે હિમાલયમાં બરફ અને ગ્લેશિયરનું પ્રમાણ ૨૩% થી વધુ ઘટ્યું છે. પ્રોફેસર બી. ડબલ્યુ. પાંડે જેઓ દિલ્હી યુનિવર્સિટીના સેન્ટર ફોર હિમાલયન સ્ટડીઝના ડિરેક્ટર છે તેઓ કહે છે કે અગાઉ શિવલિંગને પીગળવામાં એકાદ મહિનો લાગતો હતો, પરંતુ આ વખતે તે માત્ર ૧૫ દિવસ જેવા ટૂંકા સમયમાં લગભગ અદ્રશ્ય થઈ ગયું છે. હિમાલયમાં હવે સ્નો લાઈન ૫૦૦ મીટરથી વધુ પાછળ ધકેલાઈ ગઈ છે, અને ૩,૮૮૮ મીટરની ઊંચાઈએ જોવા મળતી ઠંડા હવામાનની વનસ્પતિ અને પ્રાણીઓ હવે ૪,૫૦૦ મીટરથી વધુ ઊંચાઈએ ખસી રહ્યા છે. સ્થાનિક વાતાવરણમાં આવતો આ ફેરફાર વૈશ્વિક વાતાવરણીય ઘટનાઓ સાથે પણ જોડાયેલો છે. પ્રોફેસર બી. ડબલ્યુ. પાંડે જણાવે છે કે ઉનાળા દરમિયાન એટલાન્ટિક મહાસાગરમાંથી આવતું હીટવેવ ભૂમધ્ય સમુદ્ર અને યુરોપ થઈને ઉત્તર-પશ્ચિમ હિમાલય સુધી પહોંચે છે. ગ્લોબલ વોર્મિંગની સાથે આ હીટવેવના કારણે શિવલિંગ વહેલું પીગળી રહ્યું છે. ગુફાની અંદરનું તાપમાન ઠંડું રાખવા માટે કુદરતી સંતુલન જરૂરી છે, પરંતુ માનવ સક્રિયતા આ માઇક્રો-ક્લાઇમેટને નુકસાન પહોંચાડે છે. ગુફામાં દર્શન કરવા આવતા શ્રદ્ધાળુઓની વધેલી સંખ્યા પણ આના માટે જવાબદાર જણાય છે. શરૂઆતના માત્ર ચાર દિવસોમાં ૯૩,૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા. હજારો લોકોના શરીરની ગરમી, શ્વાસોચ્છવાસ અને ભેજ ગુફાની અંદરનું તાપમાન વધારે છે અને પરિણામે બરફનું લિંગ વધુ ઝડપથી પીગળે છે. પ્રોફેસર સરમિષ્ઠા પટનાઈક(IIT બોમ્બે)ના જણાવ્યા અનુસાર, આ સમસ્યા માત્ર વાતાવરણ પૂરતી મર્યાદિત નથી. જંગલોનો વિનાશ, કૃત્રિમ લાઇટિંગ અને હજારો લોકોની અવરજવરથી સ્થાનિક ઇકોસિસ્ટમ પર ભારે દબાણ આવે છે.

યાત્રાને સરળ અને સુરક્ષિત બનાવવા માટે કરવામાં આવેલા માળખાકીય ફેરફારો પણ આડકતરી રીતે ગરમી વધારે છે. ગુફા સુધી જવા માટે છેલ્લા કેટલાક સમયમાં માળખાકીય સુવિધાઓ વધારવામાં આવી છે. રસ્તાઓ બનાવવા માટે ભારે મશીનરીનો ઉપયોગ, ગુફાના નજીકના વિસ્તારમાં વાહનોની વધેલી અવરજવર વગેરે પણ સ્થાનિક ગરમીના પ્રમાણમાં વધારો કરે છે. જનરેટર, સોલાર લાઇટિંગ અને ગુફાની નજીક લંગર અથવા સામૂહિક રસોડાની સુવિધાઓ પણ અહીં ગરમીના પ્રમાણમાં વધારો કરે છે. આ તમામ સાધનો અને સુવિધાઓ સ્થાનિક તાપમાનમાં વધારો કરે છે, જેના કારણે ગુફાનું કુદરતી થર્મલ ઇન્સ્યુલેશન ખોરવાય છે અને શિવલિંગ ઝડપથી પીગળી જાય છે. ઘણા યાત્રાળુઓ તો આ વાસ્તવિકતાઓ સમજતા નથી અને જાત જાતના તર્ક કરે છે. હાલમાં એવા પણ અહેવાલ બહાર આવ્યા છે કે અમરનાથ ગુફાનું લિંગ પીગળ્યા પછી નજીકના કોઇ ગામમાં કોઇના રેફ્રિજરેટરના ડીપ ફ્રીઝરમાં લિંગના આકારનો બરફનો ગઠ્ઠો જામ્યો, એવી વાત ફેલાઇ કે ફેલાવવામાં આવી કે અમરનાથનું લિંગ આ ફ્રીઝરમાં આવી ગયું છે! અને કેટલાક મૂર્ખ લોકો તો દર્શન કરવા પણ પહોંચી ગયા! લોકોની નાસમજ સમસ્યાઓને વધુ વકરાવે છે. ફક્ત અમરનાથ ગુફાના વિસ્તારમાં જ નહીં પરંતુ હિમાલય પર્વતમાળાના અનેક વિસ્તારોમાં પર્યાવરણીય સમતુલા ભયંકર રીતે બગડી રહી છે અને તેના માઠા પરિણામો દેખાવા પણ માંડ્યા છે. વધેલા પર્યટન અને માનવ પ્રવૃતિઓને કારણે પર્યાવરણીય સમતુલાને વ્યાપક અસર પહોંચી રહી છે અને આ પર્વતમાળાના આગવા પર્યાવરણના રક્ષણ માટે સરકારે પગલા ભરવા જ પડશે. અહીંની ખોરવાયેલી પર્યાવરણીય સમતુલાની અસર દેશના અન્ય ભાગો પર પણ એક યા બીજી રીતે પડી શકે છે.

## રાજા અને એક ક્ષણ

વિરાટગઢ રાજ્યના રાજા આર્યવીર તેમના શૌર્ય માટે જાણીતા હતા.તેમણે અનેક યુદ્ધ જીત્યા હતા.પરંતુ તેમને સૌથી મોટો ગર્વ પોતાની બુદ્ધિ અનેવ શાસન પર હતો.

એક દિવસ રાજા યુદ્ધ જીતીને આવ્યા બાદ તેમના માનમાં રાજ્યમાં મોટો ઉત્સવ હતો.દરબાર ભરેલો હતો.કવિઓ, વિદ્વાનો, વેપારીઓ અને પ્રજા સૌ હાજર હતા. ત્યારે એક યુવાન દરબારમાં પ્રવેશ્યો.તે સામાન્ય કપડાંમાં હતો.તે સીધો જ રાજા સામે ઊભો રહ્યો અને બિલકુલ ડર્યા બોમક્કમ અવાજે બોલ્યો મહારાજ, તમે સારા યોદ્ધા હશો, પરંતુ સારા શાસક નથી! યુવાનનું આ વાક્ય સાંભળી દરબારમાં સન્નાટો ચવાઈ ગયો બધાના ચહેરા પર આશ્ચર્ય છલકતું હતું કે યુવાન કોણ છે અને આટલી હિંમત કે ભરેલા દરબારમાં રાજાને આવું સંભળાવી અપમાન કરી શકે?

બધા દરબારીઓ અને મંત્રીઓ ગુસ્સે ભરાઈ ગયા. હાજર રહેલા દરેક સૈનિકોએ તલવાર બહાર કાઢી. આવું અપમાન કરવાની કે આવું બોલવાની હિંમત ક્યારેય કોઈએ કરી જ ન હતી. એથી રાજાઆર્યવીરનો ચહેરો લાલ થઈ ગયો અપમાનજનક શબ્દો હાડોહાડ લાગી આવ્યા અને હૃદય ધબકવા લાગ્યું. તેમો અહંકાર ઘાયલ થયો અને તરત જ મનમાં અવાજ આવ્યોઃ આને

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

અત્યારે જ શૂળી પર ચડાવી દે કે તેની જીભ જ કાપી નાખ આમ અપમાન કરનારને કડક સજા આપ. પણ તે જ ક્ષણે રાજાને તેમના ગુરુના શબ્દો યાદ આવ્યા. વર્ષો પહેલાં ગુરુએ કહ્યું હતુંઃ યુદ્ધમાં જીતવા માટે તલવાર જોઈએ.

પોતાને જીતવા માટે જોઈએ છે કપરા સંજોગોમાં પોતાની ઉપર એક ક્ષણનો કાબૂ. ગુરુના શબ્દો યાદ આવતા રાજાએ આંખો બંધ કરી ગુરુનિ યાદ કર્યા ધીમો અને ઊંડો શ્વાસ લીધો શ્વાસ લીધો. અને માત્ર એટલું કહ્યુંઃ યુવાન તારું આમ કહેવાનું કારણ શું છે?

તારા માટે હું શું કામ સારો શાસક નથી? યુવાને પોતાની સાથે લાવેલા પુરાવાઓ રજૂ કર્યા અને ગામડાઓની સમસ્યાઓ બતાવી. ખેડૂતોની ફરિયાદો બતાવી. ભ્રષ્ટ અધિકારીઓની માહિતી આપી અને હિંમતથી કહ્યું, 'મહારાજ તમે યુદ્ધ જીતવા પર જ ધ્યાન આપો છો પણ તમારી પ્રજા શું સહન કરી રહી છે તેની પર તમારું ધ્યાન જ નથી એટલે તમે તમે સારા યોદ્ધા હશો, પરંતુ સારા શાસક નથી. મારી એકપણ વાત ખોટી હોય તો મને સજા આપજો.' રાજાએ તપાસ કરાવી. બધી વાતો સાચી નીકળી. જો રાજાએ ગુસ્સામાં નિર્ણય લીધો હોત તો સત્ય દબાઈ જાત અને અન્યાય થઈ જાત. થોડા દિવસ પછી રાજાએ આખા દરબારમાં જાહેરાત કરીઃ આ યુવાને રાજ્ય બચાવ્યું છે તેને મંત્રી પદ આપવામાં આવે છે. આજે મને સમજાયું કે મારી સૌથી મોટી જીત યુદ્ધમાં નહોતી. મારી સૌથી મોટી જીત એ એક ક્ષણ હતી જેમાં મેં મારા ગુસ્સાને રોક્યો. વર્ષો પછી લોકો રાજાના કિલ્લાઓ નહીં, પરંતુ તેમની ધીરજની વાતો કરતા હતા. વાર્તા સમજાવે છે કે ગુસ્સો ખરાબ નથી.ગુસ્સો માનવીય લાગણી છે પરંતુ ગુસ્સામાં લેવાયેલો નિર્ણય ઘણીવાર ખોટો હોય છે. મગજમાં જ્યારે ગુસ્સો આવે છે ત્યારે પોતાની પરનો કાબૂ ન ગુમાવવો મહત્વનો છે. એક ક્ષણનો કાબૂ ખોટો નિર્ણય લેતા અટકાવે છે.

# સત્તાનું હોય કે રોજગારીનું કે જ્ઞાનનું અતિ કેન્દ્રીકરણ પોતે જ મોટો ભ્રષ્ટાચાર

**શિક્ષણ-સંસ્કાર**
**કાર્તિકેય ભટ્ટ**

**એક જ પરીક્ષાથી જ્યારે નોકરી કે અગત્યના કોર્સમાં પ્રવેશ મળે ત્યારે સ્વાભાવિક રીતે જ એક પરીક્ષા ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન થાય**

અંતે દેશના શિક્ષણમંત્રીપદેથી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધું છે પણ મૂળ પ્રશ્ન તો નીટ પરીક્ષા અને તેની ગેરરીતિનો છે. જો તેનો જ વિચાર કરવો હોય તો કહેવું પડે કે દુનિયામાં એવી કોઈ પરીક્ષા પદ્ધતિ નથી કે જે કાશ્મીરથી કન્યાકુમારી અને ગુજરાતથી આસામ સુધી ફેલાયેલા વિશાલ ભારતના દસ-બાર કરોડ વિદ્યાર્થીઓના જ્ઞાન અને આવડતને એક જ ઝાટકે તપાસી તેમને ગુણવત્તાનો ક્રમ આપી શકે. મેરીટ એટલે કે ગુણવત્તા એ ઉત્તમ શબ્દ છે પણ એ માપવો ખૂબ અઘરો છે અને શિક્ષણ અને રોજગારીના બજારમાં તેનો દુરુપયોગ થઇ રહ્યો છે અને ઘણી વાર તો એ એક ચાલાકી માત્ર છે. દેશનાં યુવાનોને ગેરમાર્ગે દોરવા માટે આવી કેન્દ્રિત પરીક્ષા જ બંધ કરી દેવી જોઈએ. થોડાં વર્ષો પહેલાં બારમા સાયન્સની બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાના આધારે મેડીકલમાં પ્રવેશ અપાતો અને તે મુજબ મેડિકલમાં અભ્યાસ કરનારાં લાખો ડોકટરો અત્યારે દેશમાં અત્યંત અનુભવી અને નામના પ્રાપ્ત ડોક્ટર તરીકે સેવા આપી રહ્યા છે. ઘણા વિદેશોમાં પોતાનું નામ બનાવી ચૂક્યાં છે. આપણે આ ડોક્ટરશ્રીઓને પદ્મશ્રી પદ્મભૂષણ જેવાં સન્માન આપી ચૂક્યા છીએ અને તેમની ગુણવત્તામાં હવે તો અનુભવ પણ ઉમેરાઇ ગયો છે. કોઈ ગુજકેટ નહીં કોઈ નીટ નહીં અને છતાં બધું નીટ એન્ડ ક્લીન શિક્ષણ વધ્યું, વસ્તી વધી અને મેડિકલમાં પ્રવેશની માંગ કરનારાં વધ્યાં અને જેટલાં ભણવા માંગતાં હતાં તેટલાંને ભણાવી શકાય એટલી વ્યવસ્થા ન હોવાથી "ચારણી"ની જરૂર ઊભી થઈ. વળી મેડિકલના બજારમાં સ્પર્ધા થાય તો મોટો ધંધો તૂટી પડે એટલે આર્થિક રાજરમત ઉમેરાઈ. વર્ષો સુધી મેડિકલ કોલેજોમાં નવો વધારો જ ના થયો અને સાયન્સમાં ભણનારાની તુલનામાં મેડિકલની બેઠકો સતત ઘટવા લાગી. એમાં ૧૯૯૧ માં ખાનગીકરણ આવ્યું. ખાનગી મેડિકલ કોલેજો શરૂ થઇ અને હવે જ્ઞાનના બજારમાં વેપારીઓ પેઠા એટલે સરકારી ઓછી ફીવાળી મેડિકલ કોલેજોમાં પ્રવેશ ના મળે તે બધા આ સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં આવે તે વ્યવસ્થા ગોઠવવા જેવી લાગી. દેશમાં ટેક્નોલોજી પણ આવી અને એમ સી ક્યું આધારિત પરીક્ષા પદ્ધતિ એ આપણી શિક્ષણ વ્યવસ્થા અને રોજગારી પૂરી પાડનારી સંસ્થામાં ભરડો લીધો. શરૂઆતમાં આ સારું લાગ્યું પણ ધીમે ધીમે લોકો આનો પણ રસ્તો કરવા લાગ્યા. આપણી શિક્ષણવ્યવસ્થામાં વ્યક્તિ ઉંમરના પાંચમા વર્ષે ભણવાનું શરૂ કરે અને સાતત્યપૂર્ણ અભ્યાસ કરે તો વીસ વર્ષે ગ્રેજ્યુએટ થાય. એમાં બે વર્ષ પોસ્ટ ગ્રેજ્યુએટના ઉમેરો તો બાવીસમા વર્ષે તે માસ્ટર ડીગ્રી પ્રાપ્ત કરે. હવે બાવીસ વર્ષની આ મહેનતના આધારે તેને નોકરી મળે. નહીં મળે તો માત્ર નોકરી મેળવવા માટેની પરીક્ષામાં બેસવાની મંજૂરી અને પછી એક દિવસની "એમ સીક્યું"- આધારિત પરીક્ષામાં તે પાસ થાય. ઉપરના ક્રમમાં આવે તો એણે નોકરી મળે ....લો બોલો, બાવીસ વર્ષના અભ્યાસ સામે એક દિવસની પરીક્ષાનો વિજય થાય પછી છોકરા બાવીસ વર્ષ મહેનત શું કામ કરે ..ગમે તેમ કરીને આવી ડીગ્રી ના મેળવી લે ! પછી એક દિવસની પરીક્ષામાં જોયું જશે.

એક જ પરીક્ષાથી જ્યારે નોકરી કે અગત્યના કોર્સમાં પ્રવેશ મળે ત્યારે સ્વાભાવિક રીતે જ એક પરીક્ષા ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન થાય. શિક્ષણની આ લેખમાળામાં આપણે અગાઉ લખી જ ગયા છીએ કે અન્ગ્રેજોને આપણી શિક્ષણ વ્યવસ્થા અને આપણા યુવાનોની ગુણવત્તા ઉપર વિશ્વાસ હતો નહીં એટલે પરદેશમાં અભ્યાસ માટે તેઓ જુદી પરીક્ષા લેતા.

પણ આપણે તો આઝાદ થયા પછી પણ આપણી યુનિવર્સિટી કે બોર્ડ પર ભરોસો કરતા નથી અને પરીક્ષાઓ લીધે રાખીએ છીએ. ઉલટાનું વધારતા જઈએ છીએ. અત્યારે દેશમાં મેડિકલમાં પ્રવેશ માટેની નીટનું પેપર લીક થયું અને પરિણામમાં ગોટાળા પકડાયા તે ચર્ચાનો વિષય છે પણ ખરી ચર્ચા તો એ થવી જોઈએ કે નીટ જરૂર જ શું છે. શા માટે શિક્ષણ અને રોજગારીમાં આપણે આટલું કેન્દ્રીકરણ કરીએ છીએ? ગુજરાતનાં વિદ્યાર્થીને ગુજરાતમાં પ્રવેશ આપો અને રોજગારી આપો. મહારાષ્ટ્રના વિદ્યાર્થીને મહારાષ્ટ્રમાં!

સામાન્ય લોકો દુનિયાને ફૂટપટ્ટીથી માપે છે પણ ડાહ્યાં લોકો સમયે સમયે આ ફૂટપટ્ટીને જ માપે છે. આપણે રોજગારી અને શિક્ષણમાં પ્રવેશમાં ગુણવત્તા માપવામાં જે ફૂટપટ્ટીઓ બનાવી છે તે જ હવે માપવાનો સમય આવી ગયો છે. ગયા વર્ષે ચારસોથી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે તેનું કારણ આ સ્પર્ધાત્મક પરીક્ષાઓ છે. સામાન્ય ક્લાર્કથી માંડીને ડોકટર બનવા સુધીમાં જાતજાતની પરીક્ષાઓ લેવાય છે અને આ બધી જ પરીક્ષાઓ એવું સાબિત કરે છે કે આપણા સ્કુલ બોર્ડ અને યુનિવર્સિટી જે પરીક્ષા લે છે ડીગ્રી આપે છે તે કાઈ કામની નથી અને માટે આ સ્પર્ધાત્મક પરીક્ષાનું એક બજાર છે. કરોડોનો ધંધો છે દીકરો દીકરી અગિયારમામાં હોય ત્યારથી કોચિંગ ક્લાસમાં જવા માંડે છે અને સ્પર્ધામાં કોચિંગ ક્લાસવાળાથી માંડીને સત્તાવાળા સુધીના તમામ પેપર ફોડવા મેદાને પડે છે. આ બધું જ થાય છે કારણકે શિક્ષણ અને રોજગારીનું કેન્દ્રીકરણ થયેલું છે. કેન્દ્રીકરણ પોતે જ એક ભ્રષ્ટાચાર છે. માણસ ઈચ્છે જ છે કે આર્થિક સત્તા અને રાજકીય સત્તા બધું જ મારા કાબૂમાં હોય. આપણે માત્ર આ ઘટનાથી જાગ્યા છીએ. વિચાર તો આખી વ્યવસ્થાનો કરવાનો છે. માત્ર નીટનું પેપર ફૂટે તે જ ગંભીર કહેવાય. એલ આરડી નું ફૂટે ,ટેટનું ફૂટે તો ગંભીર ના કહેવાય?

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# નાકના વાળ ખેંચવા એટલે ક્રૂર આનંદ!



**મંગલ મસ્તી**
**રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'**

**નાકનાં વાળ એટલે શ્વાસોશ્વાસનું કુદરતી ફિલ્ટર, ધૂળની રજકણો માટેનું 'ટોલ-નાકું..!**

મને ખબર છે, એકાદ તો વલાર નાંખશે જ કે, 'છીઈઈઈઈ..! આવો તે કોઈ વિષય હોય..?' ભઈઈઈ... બહુરૂપી બનના હૈ, તો સબ ખેલ કરના પડતા હૈ, એમ હસાવવા માટે કંઈને કંઈ લાવવું તો પડે ને.? નાકનો વાળ ખેંચ્યો જ ના હોય એમ ચીહાળા શું પાડો છો..? હા, એક વાત છે, નાકના વાળ ખેંચવા એ સારી ટેવ નથી. ભોદા લાગીએ..! તંઈઈઈ..? અમુક તો ફોન ઉપર વાત કરતા કરતા પણ કતલ કરતા હોય. પછી જેવો જેનો ફોન..! ગમતી વ્યક્તિ હોય તો, વાળને મમરાવે, ને વાઈફનો ફોન હોય તો ચાર-પાંચ વાળ શહીદ પણ કરી નાંખે! જેવો જેનો વાર્તાલાપ! આવું નહિ કરાય! નાકની ગુફા વિફરી તો, એક ઉપર બીજું નાક પણ ફૂટે..! એક ઉપર એક ફ્રી..! જેને ઢીમચું કહેવાય..! ઢીમચું એટલે ઢીમચું ..! સામાવાળાને આપણું ૧૨૦ રતલનું શરીર નહિ દેખાય, ટ્રાફિક સિગ્નલ જેવું ઢીમચું પહેલા દેખાય..! નાક ઉપર એવું ફૂટી નીકળે કે જાણે, 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરી...! જાણકાર હોય તો સંભળાવે પણ ખરો, 'નાકના વાળ ખેંચો તો આવું જ થાય..! હવે ઢીમચા ઉપર હાથ ફેરવ્યા કરો..! કોઈના નાક ઉપર ઢીમચું જોવા મળે તો રાખે એવું માનતા કે, મધમાખી કઈડી ગઈ હશે. ખેંચાખેંચી કરવાનું દુષ્પરિણામ પણ હોય શકે..! જો કે, આ મુદ્દે હું પણ દુધે ધોયેલા જેવો નથી જ..! આ લત મને પણ વળગેલી હોવાથી, શૈલીને (વાઈફ) લઈને ફર્યો નથી, એનાથી વધારે ઢીમચું લઈને ફર્યો છું. આદતસે મજબુર...! અમુક તો તો સંભળાવી પણ ગયેલા કે, ખેંચો ખેંચો, નાકના વાળ ખેંચો..? 'પણ જેને આનંદ જ માણવો હોય, એ ગમે ત્યાંથી ગમતાનો ગુલાલ શોધી કાઢે. જેમ છીંક ખાધા પછી, જન્નત મળ્યું હોય એવી હાશ થાય, માવો ખાનારને, જેવો માવો મોંઢામાં પડે એટલે, ઇન્દ્રાસન મળ્યું હોય એમ ખીલી ઉઠે. નાકનો વાળ ખેંચવામાં પણ આવી જ અનુભૂતિ થાય. ટમ્પુના હાથમાં હોર્બોજ ખાદીનો હવાલો આવી ગયો હોય, એવી ફીલિંગ આવી જાય. આમ કરવાથી 'નાક'ની પણ ઈમેજ બગડે, એ ભૂલી જાય..! જો કે, નાકના વાળ પણ ખેંચાવા માટે જ પેદા થતા હોય એમ, લોકો નવરા પડ્યા નથી, ને બિચારા ખેંચાયા નથી..!

અસ્સલ એવું સાંભળેલું કે, 'નવરો માણસ કાટલાં તોકે' એમ, હવે એવું 'વર્ઝન' આવ્યું કે, 'નવરો માણસ નાકના વાળ ખેંચે..!' એને 'upgradation' કહેવાય. માણસ જ્યારે મંદીની ભીંસમાં આવે, ગ્રાહકનાં દર્શન પણ 'દુર્લભ' થઇ ગયા હોય, લેખકની બુદ્ધિ બહેર મારી ગઈ હોય, કે વાઈફે રોજ કરતા વધારે ખખડાવી નાંખ્યો હોય ત્યારે આવી 'ખેંચાખેંચી' થાય..! અમુક તો એવી નિર્દયતાથી વાળ ખેંચે કે, જાણે રીઢા ભાડુઆતને, મકાનમાંથી બહાર ના ફેંકતો હોય..? વાળનો 'નાક-નિકાલ' નહીં થાય, ત્યાં સુધી જંપે નહીં. સારું છે કે, નાકની ગુફામાં માથા જેવી ટાલ પડતી નથી. બીજાની તો શું પંચાત કરવી, આ લેખમાં આગળ વધવા માટે આદત પ્રમાણે મેં પણ ૧૮-૧૯ વાળનો ખાત્મો બોલાવ્યો હશે!

આ એક 'ઇન્ટર નેશનલ હેબીટ' છે દાદૂ..! ફેર એટલો કે બીજા બોલે નહિ, ને આપણે બકબક કરીએ..! ખૂબીની વાત એ છે કે, આટલો જુલમ થવા છતાં, નાકના વાળ ગદ્દાર બનતા નથી, ખુદ્દાર હોય..! માથાના વાળ તો ચુપચાપ ટાલીયા બનાવીને ચાલી જાય. નાકના વાળ ખુદ્દારી છોડતા નથી..! છેલ્લા શ્વાસ સુધી સંબંધ જાળવ રાખે. બાકી કોઈના નાકમાં ટાલ પડી હોય એવું સંભળાયું નથી..! બીજું કે, માથાના વાળ ફેલાય તો, 'ફેશન' કહેવાય. નાકના વાળને એવી જાહોજલાલી નથી. નાકના વાળની 'ડાય' કરીને, ચોટલા કે ચોટલીની ગૂંથણી કરી હોય એવું જાણમાં નથી! નાકના ભૂંગળાની બહાર જેવો પગ કાઢે એટલે, કતલ થઈ જાય.! નહીં તો સુંદરતાની પથારી ફેરવી નાંખે. વિશ્વની મહાન નૃત્યાંગના અન્ના પાવલોવા (Anna Pavlova), માર્થા ગ્રેહામ (Martha Graham) અને માર્ગોટ ફોન્ટેન (Margot Fonteyn) ની જેમ નાકના વાળને બહાર નીકળીને ઝૂમવા ના દે..! નાકનાં વાળ એટલે શ્વાસોશ્વાસનું કુદરતી ફિલ્ટર, ધૂળની રજકણો માટેનું 'ટોલ-નાકું..!' એમના NOC વગર ફેફસા-ધામની યાત્રા સંપન્ન નહિ થાય..! અંગ્રેજી ભાષાના સમર્થ હાસ્ય લેખક પી,જી.વોડહાઉસ અને બીલ બ્રાયસને પણ આ વિષય ઉપર એક લેખ લખેલો. બને એક રાતે સ્વપ્નામાં આવીને કહે, 'બેટા રોમેશ..! (આ લોકો રમેશનું રોમેશ કરે..!) નાકનો વાળ ખેંચવા એ માત્ર સંહાર-ક્રિયા નથી, તણાવ મુક્ત થવાનું હાથવગું હથિયાર પણ છે. ખેંચીને વાળ તોડો એટલે, અઘરા પ્રશ્નનોનો ઉકેલ મળવા માંડે. મરવા પડેલું મગજ ક્રિયાશીલ થાય. બરફ બની ગયેલા વિચારો પ્રવાહિત થાય. બીજું કે, એક વાતની માત્ર મને જ ખબર છે કે, વિચારોને સજીવન કરવાનો કોઈ અકસીર 'પોઈન્ટ' હોય તો એ નાકની ગુફામાં આવેલો છે.' આવું સાંભળીને મારાથી હસતા હસતા વાળ ખેંચવાની ચળ એવી ઉપડી કે, નોન-સ્ટોપ ચાર-પાંચ વાળ મારાથી શહીદ થઇ ગયા. આમ કરવાથી વેદના એવી સખ્ત થઇ કે, ચીસ પાડીને જગાય ગયું. પણ જાગીને જોઉં તો જગત દિશે નહિ, એમ બંને ગાયબ..! પછી ખબર પડી કે, આ તો એક સ્વપ્નું હતું..!

તમને જાણીને નવાઈ લાગશે કે, નાકના વાળ ખેંચવાના વિષય ઉપર ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ (Guinness World Records) માટે દાવો કરનારા પૈકી અમેરિકાના સ્પ્રિંગફીલ્ડના રહેવાસી માઈકલ બેઈલી (Michael Bailey) એ તો પોતાના નાકમાંથી જ નીકળેલા અંદાજે ૫૮૪ જેટલા લાંબા અને જાડા નાકના વાળ ભેગા કરીને એક અનોખો રેકોર્ડ બનાવેલો..! પણ આપણે એવું કરવું નથી. ભલે ને એ અકસીર ઈલાજ કે ક્ષણિક આનંદની ચેષ્ટા હોય, સજ્જન માણસ માટે નાકમાંથી વાળ ખેંચવાની ક્રિયા શોભાયમાન નથી. લગનનું પાકું કરતા પહેલા ચીલાચાલુ અનેક પ્રશ્નોતરી થાય છે ત્યારે, આ પણ પૂછવાનું કે, જાતકને નાકના વાળ ખેંચવાની આદત તો નથી ને..? કમસેકમ મૂછના દોરા જેટલી ઈજ્જત તો નાકના વાળની પણ થવી જ જોઈએ. ધોળા દિવસે તારા જોવાનો જેને શોખ હોય, એમણે જ અરીસા સામે ઊભા રહીને આ ચેષ્ટા કરવાની.નહિ એક નાક ઉપર બીજું નાક (ઢીમચું) ઉભું થાય..! એક છીંકશે ને બીજું કણસશે...! પછી એમ નહિ કહેતા કે, સમાજમાં મારું નાક નાં રહ્યું..! શું કહો છો રતનજી..?

**લાસ્ટ બોલ**

વાળ કપાવીને ઘરે આવીને ચમનીયાએ ચંચીને એટલું જ કહ્યું કે, 'જો મારા વાળ સરસ કાપ્યા છે ને..? હું ઉંમરમાં હવે તારાથી ૧૦ વર્ષ નાનો લાગુ છું..!

ચંચી કહે, 'સાવ ટકો જ કરાવીને આવવું હતું ને..? હજી હમણાં જ જન્મ્યા હોય એવા દેખાતે..!

તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ચોમાસામાં લોકોએ શું કાળજી લેવી?

ચોમાસામાં, સ્વાસ્થયની કાળજી રાખવી ખૂબ જ જરૂરી છે. આ માટે વર્ષાઋતુમાં થોડીક કાળજી રાખીશું તો રોગના ભોગ બનીશું નહિ. તો શું કાળજી રાખવી જોઈએ? (1) પાણી હંમેશા ઉકાળેલું અથવા ફિલ્ટર કરેલું પીવું જેથી પાણી જન્ય રોગો ( કોલેરા, ટાઈફોઈડ, વ.) થી બચી શકાય.(2) આહાર : બહારનો તેમજ વાસી ખોરાક ખાવો નહિ. તળેલો તથા ભારે ખોરાક પણ ખાવો નહિ (3) ચોમાસામાં કાચા સલાડ અને લાંબા સમયથી કાપીને રાખેલો ફળો ખાવાનુ ટાળો કેમકે તેના પર બેકટેરિયા ઝડપથી ફેલાય છે. (4) જ્યારે પણ બહાર નીકળો ત્યારે છત્રી/રેઈનકોટ લેવાનું ભૂલશો નહિ. (5) મચ્છર જન્ય રોગો ( મેલેરિયા,ડેન્ગ્યુ વ.) થી બચવા ઘરમાં કે આસપાસ પાણી એકઠું થવા દેવું નહિ. મચ્છરથી બચવા પુરા હાથ- પગ ઢંકાય તેવા કપડા પહેરવા. સુતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરવો. મચ્છર શરીર પર કરડે નહિ તે માટે REPELLENTનો ઉપયોગ કરવો. (6) ભીના કે ગંદા પાણીના સંપર્કમાં આવવાથી ફન્ગલ ઈન્ફેકશન થવાની સંભાવના રહે છે માટે ભીના કપડા પહેરવા નહિ. (7) વરસાદમાં ભીના થયા પછી તરત જ સ્નાન હશો. અને શરીરને સ્વચ્છ તથા સૂકું રાખો. (8) શરદી-ખાંસી હોય તો ઘરગથ્થુ ઉપચાર ( તુલસી+ આદૂનો રસ + મધ) તરત શરૂ કરવો. ફ્લ્યુ જેવું લાગે તો તુરન્ત તમારા ફેમિલી ડોકટરનો સંપર્ક કરો. (8) બાળકો - વયસ્કો તથા સગર્ભા બેનોએ વરસાદમાં બહાર નીકળ્યું નહી. (9) ચોમાસા પહેલાં તમારા ઘરના ઈલેક્ટ્રીક પોઈન્ટસ ચેક કરાવી લેવા, જેથી શોર્ટ સરકીટ થાય નહિ.

સુરત -કિરીટ ડુમસીયા

## ધીરજ અને સંયમ ખોશો તો જીવનમાં બધું ગુમાવશો!

ગુસ્સામાં લીધેલો નિર્ણય અને ઉતાવળમાં કરેલી સહી - બંને જીવન બરબાદ કરે છે! રખે, એક નિયમ યાદ રાખોઃ કોઈપણ નિર્ણય ૨૪ કલાક પછી જાણકારની સલાહથી જ લો!સમજી-વિચારીને લો! સરળ ઉદાહરણઃએક વકીલ કોર્ટમાં અધીરા થઈ ગયા. સામા વકીલની વાતથી બાવરા થઈ, જિદ્દી અને જડ સ્વભાવ અનુસાર પોતાની મનમાની કરી બેઠા. ન્યાયાધીશને ઉંચા અવાજે જવાબ આપ્યો! પરિણામ?! કેસ હાર્યા અને અવમાનનો કેસ પણ થયો!કિન્તુ, સૌથી મોટો ખેલ તો પછી થયો! બાવરા થતા અધીરાઈમાં તેમની મતી (બુદ્ધિ)ભ્રષ્ટ થઈ અને અપીલમાં "મિતિ(તારીખ)" જ ભૂલી ગયા! અપીલની તારીખ 1 મહિનો ખોટી લખી! કેસ જ પૂરો. વર્ષોની મહેનત એક સેકન્ડમાં પાણીમાં!તેથી પણ શબ્દ ઊપર ભાર મૂકો. કલમ પર ભાર મૂકો!કિન્તુ,પહેલા મન પર ભાર મૂકો! માટે ૨૪ કલાક રોકાઈ જાવ! નહીંતર, એક ભૂલ આખું જીવન ભારે પડશે! એ માટે ધીરો અને ધીરજ ધરો. જીત તમારી જ છે!ધીરજ અને સંયમ રાખો.

સુરત - સુનીલ બર્મન

## ના 'ન પાડી શકો, તો સ્વીકારો

આપણા દેશમાં દર વર્ષે જેટલાં લગ્ન થાય છે તેમાં બન્ને પાત્રની સો ટકા મંજૂરી હોય છે ખરી? હજી આજે પણ સમાજમાં પોતાની પ્રતિષ્ઠા,પોતાના લેવલનું,અહંકાર,વૈભવ અને 'લોકો શું કેહશે'નાં ઓથા હેઠળ યુવક -યુવતી પર આડકતરી રીતે દબાણ લાવી જોડી દેવાય છે,બેસાડી દેવાય છે કે અંતે લાગણીનાં માધ્યમથી મનાવી લેવાય છે. ક્યારેક મરજી ન હોવા છતાં દીકરીને,' દીકરીને ગાય દોરે ત્યાં જાય ',દીકરીએ થોડું જતું કરવું પડે, સ્ત્રીઓ તો બલિદાન આપવા જ સર્જયેલ છે',આવી ઉટપટાંગ વાતો દ્વારા માનસિક કજોડા બનતા જ રહે છે.સમાધાન કેળવે તો કેટલું? કમનસીબી એ છે કે લીગલી ડિવોર્સ માટે તૈયાર થાય ત્યારે પણ ઉપર મુજબની સુફિયાણી વાતો દ્વારા તેને અટકાવવા માટે પરિવારના દુઃખી દંપત્તિઓ જ વકાલત કરે!પરિણામે ઘણીવાર લગ્નજીવન કે સંબંધોમાં સમય જતાં લાગણી,આદર અને પ્રામાણિકતા પૂરા થઈ જાય છે. આધુનિક હોવાના દંભ હેઠળ હજી આજે પણ દીકરીઓની પસંદગી કે તેની યોગ્ય વાતને નજરઅંદાજ કરાય છે. દિકરાઓની સ્થિતિ પણ બહુ વખાણવા જેવી નથી.બેમાંથી કોઈ એક પાત્ર જ્યારે યોગ્ય-અયોગ્યનો વિવેક ગુમાવે ત્યારે પોતાના જ પાત્રને અડચણરૂપ સમજે અને તેથી જ તેનો કાંટો કાઢવાની ઘટનાઓ પણ સમાજમાં આકાર લઈ રહી છે.ષડયંત્રમાં આજીવન ગુમાવવા સિવાય કંઈ હાથ નથી લાગતું. આવાં કિસ્સાઓ અટકે તે માટે પરસ્પર આદર, સંવાદ,પ્રમાણિકતા અને નૈતિકતાનું જોડાણ વધે તે માટેની માનસિકતા કેળવવી જરૂરી છે.જો યુવક કે યુવતી યોગ્ય પાત્ર ન હોય છતાં 'ના'ન પાડી શકે તો જેમની સાથે સંબંધ થી જોડાયા છો તેમને વફાદાર રહી,અનુકૂલન સાધી, સ્વીકારભાવ કેળવો.તમારું મૌન પરિવારો ને બરબાદ કરી દે છે.યાદ રહે લગ્ન એ રમત નથી. બે જીવોનું જોડાણ છે.

સુરત - અરુણ પંડ્યા

## દેશમાં શિક્ષણ ક્ષેત્રનું સ્તર ખૂબ જ કરુણ છે

નીતિ આયોગના રિપોર્ટ અનુસાર દેશમાં છેલ્લાં 10 વર્ષમાં અકલ્પનીય વાસ્તવિકતા મુજબ 94000 સરકારી સ્કૂલોને તાળાં લાગ્યાં છે, જેનું મુખ્ય કારણ એ છે કે શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણનો ગ્રાફ ખૂબ જ વધ્યો છે. ખાનગી શાળાઓની સંખ્યા 2.88 લાખથી વધુને 3,39 લાખ સુધી પહોંચી ગઇ છે જેના માટે આપણા દેશની શિક્ષણનીતિ જવાબદાર છે. આટલી બધી ખાનગી શાળાઓ ખોલવાની મંજૂરી દેશના શિક્ષણ વિભાગના સત્તાધીશો દ્વારા જ આપવામાં આવે છે. આજના બેફામ મોંઘવારીના યુગમાં સામાન્ય-મધ્યમ વર્ગનાં પરિવારો પોતાનાં સંતાનોને ખાનગી સ્કૂલની અકલ્પનીય ફી ભરવા સ્વાભાવિક રીતે શકિતમાન હોતા નથી એવી સ્થિતિમાં સરકારી શાળાઓ બંધ થઇ રહી છે તે ખૂબ જ ચિંતાજનક મુદ્દો છે.

સુરત -રાજુ રાવલ

## લોકશકિત અને લોકશાહી

દેશના શિક્ષિત બેરોજગાર યુવાનો ને 'કોકરુચ' તરીકે ના માનનીય સુપ્રિમ કોર્ટ ના મુખ્ય ન્યાયાધીશ ના શબ્દ ઉચ્ચારણ ને કારણે સોશ્યલ મીડિયા થકી ઉદભવ પામેલ એક 'કોકરુચ જનતા પાર્ટી'(બિન રાજકીય પાર્ટી) એ દેશની શિક્ષણ વ્યવસ્થામાં રહેલી ખામીઓ વિષયક મુદ્દાઓ ને એક ચળવળમાં રૂપાંતરિત કરી શાસક પક્ષ ની સરકાર ને તેમની નૈતિક ફરજ અને કાયદેસર જવાબદારીઓ માં ચૂક કરવા બદલ જે રીતે જવાબદાર ઠેરવી તે દેશના તમામ વિરોધપક્ષ સાથે ભેગા મળી પણ જનહિત માં કરી શક્યા નહી તે નબળી પડેલી દેશની લોકશાહીનું જીવંત ઉદાહરણ છે. દેશના વર્તમાન શિક્ષિત યુવાનોમાં પાંગળેલી પ્રતિભાને ઓછી અંદાજવા રાજકારણીઓએ કદી ભૂલ નહી કરવી તેવું પૂર્વ - દૃષ્ટાંત ખાસ કરીને દેશના શિક્ષિત યુવા વર્ગ માટે 'કોકરુચ જનતા પાર્ટીએ સ્થાપિત કર્યુ છે તે બદલ તેઓને ધન્યવાદ આપવા ઘટે એમ છે.

સુરત - પ્રફુલ એમ ઝવેરી

## જિંદગીની ફિલોસોફી

જિંદગી જીવવાની-માણવાની જીવનશૈલી દરેક વ્યક્તિની અલગ અલગ હોય છે. - જીવનક્રમ દરમ્યાન વ્યક્તિ ધનરૂપી સંપત્તિને વિશેષ મહત્ત્વ આપતો રહે છે. પુષ્કળ ધન મેળવી- કમાઈને આરામથી જિંદગી જીવીશ, પણ દરેકનું ધારેલું નથી થતું. કહેવાય છે કે માત્ર 10 % ટકા જ આપણી ઈચ્છા મુજબ મળે છે. બાકી 90% એજસ્ટ કરવું પડે છે. પરંતુ મુખ્ય સંદેશ એ છે કે Health is Wealth. પહેલું સુખ તે જાતે નર્યા. દરેક ક્ષેત્રમાં સફળતા મેળવી શકો છો. પણ જો તંદુરસ્તી સારી રહેતી ન હોય તો જીવવામાં રસ રહેતો નથી, બધું જ શુષ્ક લાગે છે. આથી જો તબિયત સારી હશે તો મહેનતથી ધન કમાઈ શકીશ. આમ Health અને Wealth મેળવવાથી Wisdom ડહાણ-સૌમ્યતા પણ આવે છે.જિંદગીમાં જે મળ્યું છે તેનો આનંદ લો. જે નથી મળ્યું તેનો રંજ ન રાખો. હસતાં રહો- હસાવતાં રહો- જાત પર પણ હસો, કારણ Smile-langh is the Best Medicine.

સુરત - દીપક દલાલ